Thursday
05.02.2026
*Volume :10 *Issue No.208
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

સરકારી સેવામાં કાર્ય પ્રત્યેની નિષ્ઠા- વફાદારીથી વેતનની સાથે પ્રતિષ્ઠા પણ મળશે: ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે ગાંધીનગર ખાતે GSECLમાં ડોક્ટર, જુનિયર ઇજનેર સહિત કુલ ૨૯૨ ઉમેદવારોને નિમણૂક પત્ર અપાયા; રાજ્ય ઊર્જા મંત્રી શ્રી કૌશિક વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્,

સરકારી સેવામાં કાર્યપ્રત્યેની નિષ્ઠા અને વફાદારી રાખવાથી વેતનની સાથેસફળતા તેમજ પ્રતિષ્ઠા પણ મળશે. નોકરીએ માત્ર આર્થિક ઉપાર્જન નથી પણ પૂજા છે. ઊર્જા વિભાગના કર્મયોગીઓ વિવિધ આપત્તિ સમયે જીવના જોખમે 24×7 કામ કરીને જરૂરિયાતવાળા વિસ્તારમાં ઝડપી વીજળી પુનઃસ્થાપિત કરવાનું ભગીરથ કામ કરેછે જે હંમેશા પ્રસંશનીય છે તેમ, આજે ગાંધીનગર ખાતે નવનિયુક્ત ઉમેદવારોને ઊર્જા પરિવારમાં આવકારતાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે તેમજ રાજ્યમંત્રી શ્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતિમાં આજે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ-જીએસઈસીએલમાં ડૉક્ટર, નર્સ, જુનિયર ઈજનેર, પ્લાન્ટ એટેન્ડન્ટ, લેબ ટેસ્ટેટર અને જુનિયર આસિસ્ટન્ટ સહિત કુલ ૨૯૨ ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈએ કહ્યું હતું કે,તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતમાં ૨૪ કલાક વીજળી મળતી થઈ છે. ઊર્જા ઉત્પાદન, વહન અને સ્ટોરેજ ક્ષેત્રે વધુ આત્મનિર્ભર થવાથી ગુજરાતે વર્ષ ૨૦૦૨ થી ૨૦૨૬ દરમિયાન નવી ઊંચાઈઓ સર કરી છે. જેના પરિણામે ગુજરાતમાં રહેણાંક, ખેતી અને ઉદ્યોગોને સતત તેમજ ગુણવત્તાયુક્ત વીજળી મળી રહી છે. આ સફળતામાં ઊર્જા વિભાગના કર્મયોગીઓનું પ્રદાન ખૂબ જ અગત્યનું રહ્યું છે એટલું જ નહીં આ નવનિયુક્તિ યુવાનોની ભરતીથી ઊર્જા વિભાગને વધુ બળ મળશે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતે સોલર ઊર્જા, હાઈડ્રોજન અને વિન્ડ ઊર્જાક્ષેત્રે નવી નીતિઓ બનાવી છે, જેને પરિણામે ગુજરાત સોલાર સહિત વિવિધ ઊર્જા ઉત્પાદનમાં અગ્રેસર છે. ગુજરાતની વીજ કંપનીઓ અને કર્મયોગીઓના પરિશ્રમથી રાજ્યસરકારને અનેક એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત' ૨૦૪૭ના રોડ મેપને સાકાર કરવામાં આપણે સૌ પોતાનું મહત્તમ યોગદાન આપીએ તેવું આહ્વાન કરીને મંત્રીશ્રીએ સૌ નવ નિયુક્ત ઉમેદવારોને શુભેચ્છાઓ પાઠવી હતી. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરીયાએ નવનિયુક્ત ઉમેદવારો જ્યારે તેમના જીવનની નવી કેડીને કંડારી રહ્યા છે ત્યારે દિવાળી જેવા દિવસ માટે શુભકામનાઓ પાઠવી હતી. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ ભરતી પરીક્ષામાં સહભાગી થયેલા હજારો યુવાનોમાંથી નવનિયુક્ત ઉમેદવારોને પરીક્ષા પાસ કરી રાષ્ટ્રની સેવા માટે યોગદાન આપવાની તક મળી છે જે ગૌરવની વાત છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં ૨૪ કલાક વીજળી આપતી જ્યોતિ ગ્રામ યોજના થકી ગુજરાતમાં વીજ સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ઊર્જા ક્ષેત્રે રાજ્યની સઘન કામગીરીમાં આપને પણ સેવા આપવાની તક મળી છે. આ સેવાને પ્રમાણિકતા અને જવાબદારીપૂર્વક નિભાવવી જોઈએ. GSECLની કામગીરી સાથે જોડાવું એ સૌભાગ્યની વાત છે. રાજ્યની સેવામાં સતત કાર્યરત રહી GSECLના અથાક પ્રયાસોમાં આપ પણ એક કડીરૂપ ભાગ બની કામગીરી બજાવશો તેવી શુભેચ્છાઓ મંત્રીશ્રીએ પાઠવી હતી.

GSECLના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી સોમેસ બંદોપાધ્યાયે નવ નિયુક્ત ઉમેદવારોને ઊર્જા પરિવારમાં આવકારતા કહ્યું હતું કે, આજે આપણા પરિવારમાં વિવિધ સંવર્ગમાં નવનિયુક્ત ૧૩૦ જુનિયર ઈજનેરો, ૧૧ ડોક્ટરો, ૪ નર્સ, બે આરસીપીટી, ૯૪ પ્લાન્ટ અટેન્ડન્ટસ, ૧૨ લેબ ટેસ્ટર્સ તથા ૩૨ જુનિયર આસિસ્ટન્ટ આમ કુલ ૨૯૨ યુવાનો સેવામાં જોડાવાથી રાજ્યના વીજ ઉત્પાદન એકમોમાં કામગીરીની કાર્યક્ષમતામાં વધારો થશે. કોઈપણ દેશના વિકાસમાં ઊર્જા ઉત્પાદનનો ફાળો સૌથી અગત્યનો હોય છે. GSECL એ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હેઠળની કુલ સાત સહાય કંપનીઓમાંની એક છે. જે રાજ્યભરમાં અંદાજે ૭,૭૩૪ મેગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે વીજ ઉત્પાદનની જવાબદારી સફળતાપૂર્વક સંભાળે છે. ભારતના કુલ ઊર્જા ઉત્પાદનમાંથી ૧૦ થી ૧૨ ટકા યોગદાન ગુજરાત આપી રહ્યું છે જે આપણા માટે ગૌરવની સમાન છે. આપણે લિગ્નાઈટ, કોલ, હાઈડ્રો, ગેસ, વિન્ડ, સોલાર અને બેટરી સ્ટોરેજ ઊર્જા ક્ષેત્રે કાર્ય કરી રહ્યા છીએ.

આ વીજ ઉત્પાદન ક્ષમતાને આપણે સૌએ સાથે મળીને વધુ ઉંચાઈએ લઈ જવાની છે તેમ, જણાવી શ્રી બંદોપાધ્યાયે નવ નિયુક્ત ઉમેદવારોને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. GSECLના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી ડી.એચ.વસાવાએ ઉપસ્થિત સૌનો આભાર માન્યો. આ પ્રસંગે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સંયુક્ત સચિવ શ્રી ભક્તિ શામળ, શ્રી આશિષ વાળા, GUVNL, GSECLના ઉચ્ચ અધિકારીઓ, નવ નિયુક્ત ઉમેદવારોને તેમજ તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં મહેસૂલી ક્ષેત્રે લેવાયેલા નિર્ણયોને કેબિનેટ બેઠકમાં બિરદાવાયા :- પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

કમલમ્,

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ મીડિયાના મિત્રોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં સૌ મંત્રીશ્રીઓએ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં મહેસૂલી ક્ષેત્રે લેવાયેલા નિર્ણયોને બિરદાવ્યા હતા. પ્રવક્તા મંત્રીશ્રીએ મહેસૂલી નિર્ણય અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં વિવિધ ઈનામી જમીનોના અનઅધિકૃત કબજાહક્ક નિયમબદ્ધ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણયથી ગુજરાતના ખેડૂતોને મોટો લાભ મળશે. આ નિર્ણય અનુસાર જે જમીન રિગ્રાન્ટ કરી હોય કે રિગ્રાન્ટ કરવાને પાત્ર હોય, પણ રિગ્રાન્ટ ન થઈ હોય, તેવી જમીન સરળતાથી નિયમબદ્ધ કરી શકાશે. આ માટે જમીનની પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકા કબજાહક્કની રકમ ભરી નિયમબદ્ધ કરી શકાશે. વધુમાં શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, જે જમીનો રિગ્રાન્ટ કરેલી હોય પરંતુ કબજા કિંમત ભરપાઈ ન કરી હોય તેવી જમીનના કબજેદારો, રિગ્રાન્ટ કરવાને પાત્ર હોય પરંતુ કોઈ કારણસર રિગ્રાન્ટ થઈ ન હોય તેમજ વારસદારો જો આવી જમીનના ધારણકર્તા હોય તેમને આ નિર્ણયનો લાભ મળશે. આ ઉપરાંત જે જમીનોની તબદીલીઓ થઈ ગઈ હોય અને હાલ જમીનો અન્ય કોઈના કબજામાં હોય તેવા કબજેદારોને પણ આ નિર્ણયનો લાભ મળવાથી રાજ્યના નાગરિકોને મોટો ફાયદો થશે. આ નિર્ણયથી રાજ્યના નાગરિકો પોતાની જમીનનું કાયદેસર માલિકી હક્ક પ્રાપ્ત કરી શકશે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

ગાંધીનગર કલેક્ટરશ્રી મેહુલ કે.દવેએ ઝુંડાલ ખાતે આકસ્મિક મુલાકાત લઈ વ્યવસ્થા ચકાસી

આકસ્મિક મુલાકાતો તથા તપાસનો મુખ્ય ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે,રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી કોઈ પણ પ્રકારની વિલંબ કે ગેરરીતિ વગર, યોગ્ય રીતે અને સમયસર પહોંચે - કલેક્ટરશ્રી મેહુલ કે.દવે

જનહિતના કાર્યોમાં કોઈપણ પ્રકારની શિથિલતા ચલાવી લેવામાં નહીં આવે,વહીવટી પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવવામાં સહયોગ કરવા કર્મચારીઓને અનુરોધ કરતા કલેક્ટરશ્રી મેહુલ કે.દવે

કમલમ્,

નાગરિકોને મળતી સરકારી સેવાઓ અને યોજનાકીય લાભોમાં પારદર્શિતા અને ગુણવત્તા જળવાઈ રહે, તે હેતુથી ગાંધીનગર કલેક્ટરશ્રી મેહુલ કે. દવે દ્વારા ઝુંડાલ ખાતે વિવિધ સરકારી એકમોની આકસ્મિક મુલાકાત લઈ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ મુલાકાત અંતર્ગત કલેક્ટરશ્રીએ વાજબી ભાવની દુકાનની મુલાકાત લઈ અનાજના જથ્થાની ઉપલબ્ધતા અને વિતરણ વ્યવસ્થાની ચકાસણી કરી હતી. કાર્ડધારકોને નિયત જથ્થો સમયસર મળે છે કે, નહીં તેની ખાતરી કરવા માટે સ્ટોક રજિસ્ટર અને ઓનલાઈન ડેટાની પણ તપાસ કરવામાં આવી હતી.

આ ઉપરાંત કલેક્ટરશ્રી દ્વારા ઝુંડાલ સ્થિત પી.એચ.સી. સેન્ટર ખાતે આરોગ્ય સેવાઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં દવાનો સ્ટોક, હાજરી પત્રક અને દર્દીઓને અપાતી સારવારની સુવિધાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત સરકારી કચેરીઓના કામકાજમાં શિસ્ત લાવવાના હેતુથી કલેક્ટર શ્રી દ્વારા વારંવાર વિવિધ દફતરોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે, જે અંતર્ગત ઝુંડાલ ખાતે પણ કલેક્ટરશ્રી દ્વારા સામાન્ય દફતર તપાસણી કરવામાં આવી હતી. આ અંગે કલેક્ટર શ્રી એ જણાવ્યું હતું કે, આકસ્મિક મુલાકાતો તથા તપાસનો મુખ્ય ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે, રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી કોઈ પણ પ્રકારની વિલંબ કે ગેરરીતિ વગર, યોગ્ય રીતે અને સમયસર પહોંચે. કલેક્ટરશ્રીએ આ પ્રસંગે અધિકારીઓને સૂચના આપતા વધુમાં ઉમેર્યું હતું કે, જનહિતના કાર્યોમાં કોઈપણ પ્રકારની શિથિલતા ચલાવી લેવામાં આવશે નહીં અને વહીવટી પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવવામાં સહયોગ કરવા તેમણે કર્મચારીઓને અનુરોધ કર્યો હતો.

આ મુલાકાત અંતર્ગત કલેક્ટરશ્રી સાથે ગાંધીનગર મામલતદાર શ્રી મહેશ ગોહિલ પણ જોડાયા હતા.

ભારતે ન્યૂયોર્ક સ્થિત યુએનના વડામથક ખાતે સામાજિક વિકાસ પંચના ૬૪માં સત્રમાં ભાગ લીધો

કમલમ્,

મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી સાવિત્રી ઠાકુરના નેતૃત્વ હેઠળના ભારતીય પ્રતિનિધિમંડળે સામાજિક વિકાસ આયોગ (CSoCD)ના ૬૪માં સત્રમાં સમાવિષ્ટ અને અધિકારો આધારિત સામાજિક વિકાસ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

ભારતનું રાષ્ટ્રીય નિવેદન આપતા મહિલા અને બાળ વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી સાવિત્રી ઠાકુરે ભાર મૂક્યો કે ભારતમાં સામાજિક ન્યાય અને સામાજિક સુરક્ષા બંધારણીય ગેરંટીઓમાં સમાવિષ્ટ છે અને "વિકસિત ભારત ૨૦૪૭"ના દેશના લાંબા ગાળાના વિઝન સાથે સુસંગત છે. તેમણે "સબકા સાથ, સબકા વિકાસ"ના માર્ગદર્શક સિદ્ધાંત પર ભાર મૂક્યો, જે સરકાર અને સમાજના તમામ લોકો દ્વારા સહભાગી અભિગમને પ્રતિબિંબિત કરે છે જેથી કોઈ પણ પાછળ ન રહી જાય. શ્રીમતી ઠાકુરે મુખ્ય રાષ્ટ્રીય પહેલો પર પ્રકાશ પાડ્યો જે સ્કેલ, સમાવેશ અને છેવાડાના વ્યક્તિ સુધી છેલ્લી વ્યક્તિ સુધી પહોંચ સુનિશ્ચિત કરે છે:

- દૂરના વિસ્તારોમાં સુધારેલ શાળા માળખાકીય સુવિધાઓ અને રહેણાંક શાળા દ્વારા સમર્થિત શિક્ષણમાં છોકરીઓ અને છોકરાઓની ભાગીદારીમાં સમાનતા
- પાઈપ દ્વારા પીવાનું પાણી, સ્વચ્છ રસોઈ ઈંધણ અને સ્વચ્છતા સુવિધાઓ સહિત મૂળભૂત સેવાઓના મોટા પાયે વિસ્તરણથી મહિલાઓ અને નબળા સમુદાયોને નોંધપાત્ર ફાયદો થયો છે
- લાખો બેંક ખાતાઓ દ્વારા પરિવર્તનશીલ નાણાંકીય સમાવેશ, જેમાં મહિલાઓ ઉદ્યોગસાહસિકતા અને ધિરાણ યોજનાઓના મુખ્ય લાભાર્થીઓ તરીકે ઉભરી રહી છે.
- મહિલાઓ અને બાળકો માટે રાષ્ટ્રવ્યાપી સુરક્ષા અને સહાય પ્રણાલી, જેમાં સમર્પિત હેલ્પલાઈન અને સંકલિત સેવા કેન્દ્રોનો સમાવેશ થાય છે.
- ૧૦ કરોડથી વધુ લાભાર્થીઓ સુધી પહોંચતા વ્યાપક માતૃત્વ, બાળ આરોગ્ય અને પોષણ કાર્યક્રમો.
- વૃદ્ધો, દિવ્યાંગો, અસંગઠિત કામદારો અને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે સામાજિક સુરક્ષા અને લક્ષિત યોજનાઓનો વિસ્તાર કર્યો.

ભારતે જાહેર સેવા વિતરણમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને જવાબદારી વધારવામાં ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)ની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. વૈશ્વિક પડકારોને સામૂહિક પ્રતિભાવોની જરૂર છે તેના પર ભાર મૂકતાં, ભારતે સામાજિક વિકાસ મોડેલો પર પ્રગતિને વેગ આપવા માટે મજબૂત બહુપક્ષીય સહયોગ, ક્ષમતા નિર્માણ અને દક્ષિણ-દક્ષિણ સહયોગ માટે સમર્થન વ્યક્ત કર્યું. ૬૪મા સત્રની અધ્યક્ષતા કમિશનના અધ્યક્ષ, યુએનમાં યુક્રેનના કાયમી પ્રતિનિધિ, રાજદૂત ક્રિસ્ટીના હાયોવિશિન દ્વારા કરવામાં આવી હતી; યુએનના ડેપ્યુટી સેક્રેટરી-જનરલ શ્રીમતી અમીના જે. મોહમ્મદ, મહાસભાના પ્રમુખ એચ.ઈ. અન્નાલેના બેરબોક, ECOSOCના પ્રમુખ અને નેપાળના કાયમી પ્રતિનિધિ, રાજદૂત લોકબહાદુર થાપા, ASG (પોલિસી કોઓર્ડિનેશન), DESA - સુશ્રી બજોર્ગ સેન્ડકર અને સામાજિક વિકાસ પર NGO સમિતિના અધ્યક્ષ - સુશ્રી જિલિયન ડી 'સોઝા-નઝારેથે સત્રને સંબોધિત કર્યું હતું. સત્રમાં ૧૦૦થી વધુ યુએન સભ્ય દેશોએ ભાગ લીધો હતો.

તંત્રી સ્થાનેથી......

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના નાગરિકોને શારીરિક રીતે સક્ષમ બનાવવા અને મેદસ્વીતા જેવી સમસ્યાઓથી મુક્ત કરવા માટે ચલાવવામાં આવી રહેલા મહત્વકાંક્ષી ‘મેદસ્વીતા મુક્ત ગુજરાત’ અભિયાનને વેગ આપવા માટે અહીં એક ભવ્ય ‘યોગાથોન’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ નવસારી ચેપ્ટર, મહિલા પતંજલિ યોગ સમિતિ અને લાયન્સ ક્લબ આતલીયા સંચાલિત આનંદ મંગલ લાયન્સ યોગ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરના ૩૦૦થી વધુ સાધકોએ ભાગ લઈ એક સ્વસ્થ સમાજના નિર્માણ માટે પોતાની કટિબદ્ધતા દર્શાવી હતી. વહેલી સવારે ઉગતા સૂર્યના કિરણો અને શાંત વાતાવરણ વચ્ચે સૂર્યદેવના ૧૨ પવિત્ર મંત્રોચ્ચાર સાથે સામૂહિક રીતે ૧૦૮ સૂર્ય નમસ્કાર કરવામાં આવ્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ યોગમય અને ઉર્જાસભર બની ગયું હતું. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે તેમાં વયમર્યાદાનો કોઈ બાધ ન હતો; નાના બાળકોથી લઈને ૭૫ થી ૮૦ વર્ષની વયના જેશષ્ઠ નાગરિકોએ પણ યુવાનો જેવો જ ઉત્સાહ દાખવીને સૂર્ય નમસ્કારની કઠિન સાધના પૂર્ણ કરી હતી. ‘મેદસ્વીતા મુક્ત ગુજરાત’ના સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમે સાબિત કર્યું કે નિયમિત યોગાભ્યાસ દ્વારા કોઈપણ ઉંમરે શરીરને સ્વસ્થ, સુડોળ અને રોગમુક્ત રાખી શકાય છે. આ સ્વાસ્થ્યવર્ધક યજ્ઞમાં આહુતિ આપવા અને સાધકોનો ઉત્સાહ વધારવા માટે અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, નવસારીના કોર્ડીનેટર ગાયત્રીબેન તલાટી, પતંજલિ યોગ સમિતિ, બીલીમોરાના પ્રભારી તનુજા દીદી, જલારામ માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ મગનભાઈ પટેલ, સોમનાથ મંદિરના ટ્રસ્ટી દેવચંદભાઈ પટેલ, લાયન્સ ક્લબ આતલીયાના પ્રમુખ વિશ્વેશભાઈ પટેલ, રીજીયન ચેરમેન ભાવિનભાઈ નાયક, ઝોન ચેરમેન સનતભાઈ પટેલ, મલ્ટીપલ કાઉન્સલ સેક્રેટરી લાયન પરેશભાઈ પટેલ તથા નગરપાલિકા સભ્ય અરવિંદભાઈ પટેલે હાજરી આપી કાર્યક્રમને શોભાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રવિભાઈ નેમાણી, લાયન્સ ડીસી ગીતાબેન સોલંકી, યોગ શિક્ષક હરિભાઈ નેભરાજાની, નવનીત કૌર લબાના, મનિષા દેવતા અને લાયન્સ ક્લબ આતલીયાના પ્રમુખ વિશ્વેશભાઈ પટેલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમના સમાપન બાદ જલારામ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા તમામ ઉપસ્થિતો માટે સાત્વિક અલ્પાહાર અને ચાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આયોજકોએ અંતમાં આશા વ્યક્ત કરી હતી કે ભવિષ્યમાં પણ જાહેર જનતા આવા કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં જોડાઈને ‘મેદસ્વીતા મુક્ત ગુજરાત’ના અભિયાનને સફળ બનાવશે અને નિરોગી જીવનશૈલી અપનાવશે.

રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ૦૬ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો વર્ચ્યુઅલી શિલાન્યાસ કર્યો; ભારતભરમાં બે એથલીટ-કેન્દ્રીત સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું

કમલમ્,

માનનીય યુવા બાબતો અને રમતગમત મંત્રી, ડૉ.મનસુખ માંડવિયાએ આજે વર્ચ્યુઅલી ૦૬ મોટા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો અને બે એથલીટ સપોર્ટ સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું, જેમાં કુલ ૧૨૦ કરોડનું રોકાણ સામેલ છે. આ પહેલો ભારતની સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને દેશભરમાં વિશ્વ કક્ષાનું, એથલીટ-કેન્દ્રીત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટેની કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું છે. છ શિલાન્યાસ પ્રોજેક્ટ્સ, જેનો કુલ ખર્ચ ૮૨ કરોડ છે, તે ખેલો ઈન્ડિયા સ્કીમ હેઠળ અમલમાં મૂકવામાં આવી રહ્યા છે, જેમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (સાઈ - SAI) નો વધારાનો ટેકો છે. આ પ્રોજેક્ટ્સ ભૌગોલિક રીતે સમગ્ર દેશમાં વહેંચાયેલા છે, જેમાં ઉત્તર-પૂર્વીય અને પૂર્વીય પ્રદેશોનો સમાવેશ થાય છે, જે સંતુલિત અને સમાવેશી સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સુનિશ્ચિત કરે છે. તેમાં બેંગલુરુમાં સિન્થેટિક હોકી ટર્ફનું અપગ્રેડેશન, પટિયાલામાં મલ્ટી-પર્પઝ હોલનું નિર્માણ, ભોપાલ, ગુવાહાટી અને જલપાઈગુડીમાં સિન્થેટિક એથ્લેટિક ટ્રેક બિછાવવા અને ભોપાલમાં મલ્ટી-પર્પઝ જુડો હોલના નિર્માણનો સમાવેશ થાય છે. શિલાન્યાસ ઉપરાંત, માનનીય મંત્રીએ એનએસ એનઆઈએસ (NS NIS), પટિયાલા ખાતે ૩૮ કરોડનાં કુલ રોકાણ સાથે પૂર્ણ થયેલી બે એથલીટ સપોર્ટ સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું હતું. આમાં એથલીટ પોષણ સેવાઓને મજબૂત કરવા માટે સેન્ટ્રલાઈઝ્ડ કિચન અને ફૂડ કોર્ટ-કમ-ડાઈનિંગ હોલ અને અત્યાધુનિક ઈન્ટીગ્રેટેડ સ્પોર્ટ્સ સાયન્સ સેન્ટર અને કન્ડિશનિંગ હોલનો સમાવેશ થાય છે, જે એલિટ એથ્લેટ્સ માટે વૈજ્ઞાનિક તાલીમ સપોર્ટ, પર્ફોર્મન્સ એનાલિસિસ, પુનઃપ્રાપ્તિ અને રિકવરીમાં નોંધપાત્ર વધારો કરશે. તમામ હિતધારકોના પ્રયાસોને સ્વીકારીને અને અસ્કયામત સંચાલનમાં સાઈ (SAI) ની જવાબદારી પર ભાર મૂકતા, માનનીય મંત્રીએ કહ્યું, “દેશભરમાં ઘણા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ વિકસાવવામાં આવી રહ્યા છે, પરંતુ સાઈ હેઠળની સુવિધાઓ અમારી સીધી જવાબદારી છે. આ અસ્કયામતોની યોગ્ય જાળવણી થવી જોઈએ, શ્રેષ્ઠ ઉપયોગ થવો જોઈએ અને જ્યાં શક્ય હોય ત્યાં વ્યાવસાયિક રીતે લાભ લેવો જોઈએ જેથી જાહેર રોકાણ લાંબા ગાળાના મૂલ્યનું સર્જન કરવાનું ચાલુ રાખે.” જવાબદારી અને સમયસર ડિલિવરી પર ભાર મૂકતા, ડૉ. માંડવિયાએ એ પણ હાઈલાઈટ કર્યું કે આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સતત દેખરેખને પાત્ર રહેશે. તેમણે જણાવ્યું હતું કે સાઈના સ્તરે માસિક સમીક્ષાઓ હાથ ધરવામાં આવશે, જ્યારે તેઓ વ્યક્તિગત રીતે ત્રિમાસિક સમીક્ષાઓ કરશે, જેથી પ્રોજેક્ટ્સ ઝડપી બને અને જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું છે તેનો એથ્લેટ્સના લાભ માટે શ્રેષ્ઠ ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરી શકાય. રમતગમત ક્ષેત્રના વ્યાપક નીતિગત માળખાનો ઉલ્લેખ કરતા માનનીય મંત્રીએ યાદ કર્યું કે કેન્દ્રીય નાણામંત્રીએ ખેલો ઈન્ડિયા મિશનની જાહેરાત કરી છે, જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સહિત ભારતની સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે અમલીકરણના મુખ્ય પાસાઓની રૂપરેખા આપવામાં આવી છે. “આપણે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવા માટે સામૂહિક રીતે કામ કરવું જોઈએ, જેમાં ભારતને ૨૦૩૬ સુધીમાં ટોચના ૧૦ રમતગમત રાષ્ટ્રોમાં અને જ્યારે દેશ તેની આઝાદીના ૧૦૦ વર્ષની ઉજવણી કરે ત્યારે ટોચના પાંચમાં સ્થાન અપાવવાનું છે,” તેમ ડૉ. માંડવિયાએ કહ્યું હતું. તેમણે વધુમાં હાઈલાઈટ કર્યું કે સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ (રમતગમતના સાધનોના ઉત્પાદન) માટે ૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે માત્ર સ્થાનિક ઉત્પાદન ક્ષમતાને જ મજબૂત બનાવશે નહીં પરંતુ આત્મનિર્ભર અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમના વિકાસને પણ ટેકો આપશે. દેશમાં રમતગમતની બદલાતી ભૂમિકા પર ભાર મૂકતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, “રમતગમત આજે એક વ્યવસાય છે અને તેથી ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન (પ્રતિભાની ઓળખ) અને તેને પોષવાનું કામ મજબૂત બનાવવું જોઈએ. સરકારે તકો અને એવી પ્રણાલીઓ બનાવવામાં એક ડગલું આગળ રહેવું પડશે જે યુવા પ્રતિભાઓને પાયાના સ્તરેથી ઉચ્ચ સ્તરો સુધી પ્રગતિ કરવા દે.” ડૉ. માંડવિયાએ વધુમાં જણાવ્યું હતું કે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ દેશભરના એથ્લેટ્સને ભારતની હાઈ-પર્ફોર્મન્સ સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને રાષ્ટ્રના લાંબા ગાળાના રમતગમતના લક્ષ્યોમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે પ્રેરણા આપવી જોઈએ.

જિલ્લા વહીવટી તંત્ર અને નાગરિક સંરક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે ૩૦૦ કરતા વધારે સ્વયંસેવકો માટે સિવિલ ડીફેન્સ ટ્રેનીંગ યોજાઈ

આફતના સમયમાં બચાવ- પ્રયુક્તિઓ શીખીને નવસારી જિલ્લાના યુવાનો થઈ રહ્યા છે સજ્જ

આગ, ભૂકંપ, પુર, તોફાનો અને હુમલામાંથી કેવી રીતે બચવું અને અન્યને બચાવવા તે આ ટ્રેનીંગનો હેતુ છે

કમલમ્,નવસારી

નવસારી ખાતે નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા ભારત સરકારના ગૃહ મંત્રાલય અને રાજ્યના નાગરિક સંરક્ષણ વિભાગ વચ્ચે થયેલા એમ.ઓ.યુ અંતર્ગત સિવિલ ડિફેન્સ વૉર્ડન અને વોલ્યુંટીયર્સ માટે ’કેપેસિટી બિલ્ડિંગ ટ્રેઈનીંગ’નું આયોજન કરવામાં આવ્યું છે. નવસારી મહાનગરપાલિકાના ટાઉન હોલ ખાતે તા.૦૨-૦૨-૨૦૨૬ થી શરૂ થયેલી આ તાલીમ શિબિરનો ઉદ્ઘાટન સમારોહ જિલ્લા કલેક્ટર અને મેજિસ્ટ્રેટશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. રાજ્યની આપત્તિઓ અને કટોકટીઓ સામે પ્રથમ જવાબદેહી ક્ષમતાને વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલી આ તાલીમમાં અંદાજિત ૩૨૬ જેટલા વૉર્ડન અને વોલ્યુંટીયર્સ ભાગ લીધો છે. આ છ દિવસીય તાલીમ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને તજજ્ઞો વ્યવહારુ અને ઉપયોગી તાલીમ આપવાના છે. તાલીમમાં તાલીમ ઈન્ચાર્જ શ્રી મનોજ સી. રાવલ અને ટ્રેનર શ્રી કેતન એ. ભટ્ટ દ્વારા તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. તાલીમ દરમિયાન ડિઝાસ્ટર મિટિગેશન, બેઝિક સિવિલ ડિફેન્સ, ફાયર સેફ્ટી અને આગ ઓલવવાની પદ્ધતિઓ, કાટમાળ નીચે દબાયેલા લોકોને બચાવવા માટેની સર્ચ અને રેસ્ક્યુ ટેકનિક્સ તેમજ સી.પી.આર. (CPR), ફ્રેક્ચર અને દાઝી જવા જેવા કિસ્સાઓમાં પ્રાથમિક સારવાર (First Aid) અંગે સઘન તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત, તાલીમાર્થીઓ માટે ઔદ્યોગિક મુલાકાત તેમજ ધમડાછા અંબિકા નદી ખાતે ફિલ્ડ ટ્રેનિંગનું પણ આયોજન કરવામાં આવ્યું છે અને અંતિમ દિવસે પરીક્ષા સાથે કાર્યક્રમ પૂર્ણ થશે.

DoSEL-MoEના માર્ગદર્શન હેઠળ પ્રેરણા કાર્યક્રમનો આગામી તબક્કો એપ્રિલ ૨૦૨૬થી શરૂ

કમલમ્,ગાંધીનગર,

શિક્ષણ મંત્રાલય (MoE) તથા DoSELના નિર્દેશ મુજબ પ્રેરણા કાર્યક્રમનો આગામી તબક્કો એપ્રિલ ૨૦૨૬થી શરૂ થનાર છે. આ અંતર્ગત પ્રેરણા કાર્યક્રમના નવા ચક્ર માટે વિદ્યાર્થીઓની નોંધણી ૧ ડિસેમ્બર ૨૦૨૫થી પ્રેરણા પોર્ટલ (https://prerana.education.govin/) પર શરૂ કરવામાં આવી છે. તમામ શાળાઓમાં શાળા સ્તરના પ્રેરણા ઉત્સવનું આયોજન કરવા માટે MoE દ્વારા સ્પષ્ટ માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. શાળા સ્તરના પ્રેરણા ઉત્સવમાં પસંદગી પામેલા (નોમિનેટેડ) વિદ્યાર્થીઓ જિલ્લા સ્તરના પ્રેરણા ઉત્સવમાં ભાગ લેશે. ગાંધીનગર જિલ્લાનો જિલ્લા સ્તરનો પ્રેરણા ઉત્સવ તા. ૦૫/૦૨/૨૦૨૬, સવારે ૦૯:૦૦ કલાકે, પી.એમ. શ્રી સ્કૂલ, જવાહર નવોદય વિદ્યાલય સામેત્રી, તા. દહેગામ, જિલ્લો ગાંધીનગર ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ પોતાના શાળાના શિક્ષક સાથે સમયસર સ્થળ પર હાજર રહેવા વિનંતી કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૮ થી ૧૧ ના વધુમાં વધુ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને તેમાંથી બે શ્રેષ્ઠ/કુશળ વિદ્યાર્થીઓ (એક છોકરો અને એક છોકરી) ને જિલ્લા સ્તરના પ્રેરણા ઉત્સવ માટે નામાંકિત કરવાની રહેશે. પસંદગી દરમિયાન વિદ્યાર્થીઓના સારા શૈક્ષણિક પ્રદર્શન, નેતૃત્વ કૌશલ્ય, સર્જનાત્મકતા તથા ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિ પ્રત્યેના આદરને ખાસ મહત્વ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ “પ્રેરણા માટે મારી પસંદગી કેમ થવી જોઈએ”, “ભારત માટે મારું વિઝન”, “વિકસિત ભારત @2047” જેવા વિષયો પર આયોજિત વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેશે. આ સાથે વિદ્યાર્થીઓ પોતાની પસંદગીની એક પ્રવૃત્તિ જેમ કે નિબંધ, કવિતા, વાર્તા, ગીત લેખન, ચિત્રકામ અથવા વ્યંગચિત્ર દ્વારા પોતાની પ્રતિભા રજૂ કરશે. આ તમામ નામાંકિત વિદ્યાર્થીઓની નોંધણી સત્તાવાર પ્રેરણા પોર્ટલ પર કરાવવી ફરજિયાત રહેશે. ઉપરાંત, તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ નવોદય વિદ્યાલય સામેત્રી ખાતે શાળા સ્તરના પ્રેરણા ઉત્સવનો કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ યોજના અંતર્ગત છત્તીસગઢ રાજ્યની જિલ્લા પંચાયત સમિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાત લીધી

કમલમ્,દેવભૂમિ દ્વારકા

પંચાયતી રાજ મંત્રાલયના રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ યોજના અંતર્ગત તાલીમ કામ એક્સપોઝર વિઝીટનું આયોજન તમામ રાજ્યોમાં પરસ્પર કરવામાં આવતું હોય છે. જે અંતર્ગત ગુજરાત રાજ્ય વિકાસ કમિશનરની કચેરી અને રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ સંસ્થા દ્વારા છત્તીસગઢ રાજ્યના જિલ્લા પંચાયતના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ.બી.પાંડોર દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડોદરા, આણંદ બાદ દેવભૂમિ દ્વારકા જિલ્લા તેમજ તાલુકા પંચાયતની મુલાકાત ઉપરાંત નાગેશ્વર અને ગોરીયાળી ગ્રામ પંચાયતની મુલાકાત સમિતિએ લીધી હતી. તેમણે ઓન સોર્સ રેવેન્યુ, ર્ક્ક્ક્ અને ટ્ટે અંતર્ગત આયોજન અને અમલીકરણ અંગે અભ્યાસ કર્યો હતો. વિશેષ નિયામક શ્રી, એસ.આઈ.આર.ડી. અમદાવાદના માર્ગદર્શન હેઠળ અને કોર ફેકલ્ટી શ્રી નીલા પટેલના સંકલન સાથે એસ.ઓ.ઈ.પી.આર. કન્સલ્ટન્ટ હરેશકુમાર ખડોદરા, છત્તીસગઢ રાજ્યની આ ટીમ સાથે ત્યાંની એસ.આઈ.આર.ડી.ના કોર ફેકલ્ટી અશોકકુમાર જયસ્વાલ સામેલ થયા હતા. નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી.એ.ગોહિલ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારકા પણ જોડાયા હતા.

કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં પર્યાવરણ, જૈવિવૈવિધ્ય અને અવકાશ વિજ્ઞાન પર રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતો દ્વારા પ્રેરણાદાયી વ્યાખ્યાન સારિણી

કમલમ્,

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, જૈવિવૈવિધ્ય અને સ્થિર વિકાસ જેવા સમકાલીન વૈશ્વિક મુદ્દાઓને કેન્દ્રમાં રાખી એક વિશિષ્ટ શૈક્ષણિક કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં બીબીએ કૉલેજના આચાર્યશ્રી ડૉ રમાકાંત પૃષ્ટિના સ્વાગત પ્રવચનથી થઈ હતી. તેમણે સંસ્થાના સમૃદ્ધ ઈતિહાસ અને સેવાયાત્રાની વિસ્તૃત માહિતી આપી તથા સર્વ વિદ્યાલય કેલવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ માનનીય શ્રી વલ્લભભાઈ એમ. પટેલના દ્રષ્ટિવંત અને પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ સંસ્થાઓ દ્વારા મૂલ્યઆધારિત શિક્ષણ સાથે જવાબદાર અને સંસ્કારી નાગરિકોના ઘડતરની કામગીરી થઈ રહી હોવાનું જણાવ્યું. તેમણે સંયુક્ત રાષ્ટ્રના સ્થિર વિકાસ લક્ષ્યો (SDGs) અંતર્ગત પર્યાવરણ અને આબોહવા પરિવર્તન જેવા મુદ્દાઓ પ્રત્યે જાગૃતિ લાવવાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો. કાર્યક્રમ દરમિયાન વિશિષ્ટ મહેમાનોનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું. મુખ્યઅતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાત રાજ્યના પૂર્વ ગૃહમંત્રી શ્રી મહેન્દ્ર ત્રિવેદીએ પોતાના સંબોધનમાં પ્રકૃતિ અને પર્યાવરણના સંરક્ષણનું મહત્ત્વ સમજાવ્યું. તેમણે માનવ જીવનમાં જરૂરીયાતો મર્યાદિત રાખીને કુદરત સાથે સંતુલન જાળવવાનો સંદેશ આપ્યો. તેમણે પૂજ્ય છગનભા, મહાત્મા ગાંધીજી અને શ્રી માણેકલાલ એમ. પટેલના શિક્ષણપ્રેમી અને રાષ્ટ્રનિર્માણના આદર્શોને યાદ કરી, શ્રી વલ્લભભાઈ પટેલ પણ એ જ મૂલ્યોને અનુસરી સમાજસેવામાં કાર્યરત હોવાનું જણાવ્યું. ત્યારબાદ ડૉ. છવિનાથ પાંડે, IFS (નિવૃત્ત) તથા પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટ્સ દ્વારા “Nature First – Why Biodiversity Matters Now More Than Ever” વિષય પર નિષ્ણાત વ્યાખ્યાન સત્ર યોજાયું. તેમણે જૈવિવૈવિધ્યનો સાચો અર્થ સમજાવતા જણાવ્યું કે માત્ર વનસ્પતિ અને પ્રાણીઓની સંખ્યા નહીં, પરંતુ વિવિધતા જ સાચું જૈવિવૈવિધ્ય છે. અતિ વિકાસના કારણે પર્યાવરણ પર થતા પ્રતિકૂળ પ્રભાવ અને તેને નિયંત્રિત કરવા માટેના પ્રાયોગિક ઉપાયો વિશે માર્ગદર્શન આપ્યું. “Space and Environment” વિષય પર શ્રી નિલેશ એમ. દેસાઈ, ડિરેક્ટર, સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (SAC), ઈસરો, અમદાવાદે ઈસરોનો ઈતિહાસ, વિઝન, મિશન અને વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી. તેમણે ઉપગ્રહો દ્વારા હવામાન અનુમાન, કુદરતી આફતોનું નિરીક્ષણ, કૃષિ, જળસંચય અને પર્યાવરણ સંરક્ષણમાં થતા ઉપયોગોની વિસ્તૃત સમજ આપી, જે વિદ્યાર્થીઓ માટે ખૂબ જ જ્ઞાનવર્ધક સાબિત થઈ. કાર્યક્રમના અંતે ડૉ. આશિષ પી. ભુવાએ આભારવિધિ આપી તમામ મહેમાનો, આયોજકો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

થોળ પક્ષી અભયારણ્ય ખાતે આંતરરાષ્ટ્રીય જલપ્લાવિત દિવસ નિમિત્તે એક દિવસીય જાગૃતિ વર્કશોપ યોજાયો

ચિત્ર–નિબંધ સ્પર્ધા, ક્ષેત્રિય મુલાકાત અને વેટલેન્ડ માર્ગદર્શનથી “આંતરરાષ્ટ્રીય જલપ્લાવિત દિવસ”ની અર્થસભર ઉજવણી

કમલમ્,મહેસાણા,

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના થોળ ગામે આવેલ થોળ વન્યજીવ અભયારણ્ય ખાતે ગત તા.૦૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ “આંતરરાષ્ટ્રીય જલપ્લાવિત દિવસ”ની ઉજવણીના ભાગરૂપે વન વિભાગ, માનવ સેવા સંસ્થા તથા ટાટા મોટર્સ લિ.ના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. થોળ પક્ષી અભયારણ્યનો કુલ વિસ્તાર ૬૯૯ હેક્ટર (૬.૯૯ ચો.કિ.મી.) છે. આ સરોવર હજારોની સંખ્યામાં સ્થાનિક તેમજ શિયાળામાં આવનાર યાયાવર જળાશય પક્ષીઓ માટે મહત્વપૂર્ણ આશ્રયસ્થાન છે તથા આ વિસ્તારને “મહત્વનો પક્ષી વિસ્તાર” તરીકે જાહેર કરવામાં આવ્યો છે. કાર્યક્રમ અંતર્ગત પર્યાવરણ જતન અને સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવા માટે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા વક્તવ્ય સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને થોળ પક્ષી અભયારણ્ય ખાતે રૂબરૂ નિદર્શન કરાવવામાં આવ્યું હતું તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમનગર પ્રાથમિક શાળા, તા. સાણંદ; તાલુકા પ્રાથમિક શાળા નં.–૨, તા. સાણંદ; રામેશ્વરનગર પ્રાથમિક શાળા, તા. સાણંદ તથા ઈંગ્લિશ મિડિયમ શાળા નં.–૧, તા. સાણંદ— એમ કુલ ૪ શાળાના આશરે ૨૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉપરાંત આસપાસના ઈકો-સેન્સિટિવ ગામોના કુલ ૭ ગામોના આશરે ૩૫ ગ્રામજનો તથા વિવિધ અગ્રગણ્ય ઉદ્યોગોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ONGC, GAIL,Daffodil Pharmachem Pvt. Ltd., Karoli સહિતના ઔદ્યોગિક એકમોના કર્મચારીઓ પણ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન કેળવણીકાર શ્રી ઉમેશભાઈ શ્રીવાસ્તવે જલપ્લાવિત વિસ્તારોની અગત્યતા તથા પ્રાકૃતિક સંરક્ષણ વિષયક વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વન વિભાગના અધિકારીઓ દ્વારા જલપ્લાવિત વિસ્તારોના સંરક્ષણ, પ્રાકૃતિક ખેતી તેમજ ખેતીમાં પક્ષીઓ અને વન્યજીવોની ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને પોષણ કડીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલા “વેસ્ટમાંથી બેસ્ટ” આર્ટિકલ સ્ટોલનું મહેમાનો દ્વારા અવલોકન કરી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શ્રી કંદર્પ કાત્જુ દ્વારા તમામ ઉપસ્થિતોને ક્ષેત્રિય મુલાકાત કરાવી બારીક નિરીક્ષણ સાથે વેટલેન્ડ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ, ગ્રામજનો તથા ઉદ્યોગ પ્રતિનિધિઓમાં પર્યાવરણ સંરક્ષણ અને જલપ્લાવિત વિસ્તારોની મહત્વતા અંગે નોંધપાત્ર જાગૃતિ ફેલાઈ હતી. કાર્યક્રમમાં શ્રી એન.એમ. પટેલ (ACF, સાણંદ વન્યજીવ વિભાગ), શ્રી જે.કે. માંગરોલા (I/c. RFO, Wild-life Range, કડી), શ્રી સંપાદાસ ઘોષ (CSR Head, ટાટા મોટર્સ લિ.), શ્રી અજયકુમાર (એડમિન, ટાટા મોટર્સ લિ.), શ્રી મનુભાઈ બારોટ (માનવ સેવા ટ્રસ્ટ, સાણંદ), શ્રી ઉમેશભાઈ શ્રીવાસ્તવ (કેળવણીકાર), શ્રી હરિચંદપાલ (ONGC), શ્રી કંદર્પ કાત્જુ (પ્રકૃતિ NGO), શ્રી વિશાલભાઈ (પ્રકૃતિ NGO) સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સાયલા ખાતે જિલ્લા કલેકટરશ્રી કે.એસ.યાજ્ઞિકની અદયક્ષતામાં ‘સંપૂર્ણતા અભિયાન ૨.૦’નો પ્રારંભ

સાયલાને આકાંક્ષી તાલુકાની શ્રેણીમાંથી બહાર લાવી સર્વાંગી વિકાસ સાધવા કલેક્ટર કે.એસ.યાજ્ઞિકનું આહ્વાન

આશીર્વાદ વિકલાંગ ગૃહ, સાયલા ખાતે જિલ્લા કલેક્ટર શ્રી કે.એસ.યાજ્ઞિકની પ્રેરક ઉપસ્થિતિમાં ’સંપૂર્ણતા અભિયાન ૨.૦’નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કલેક્ટરશ્રીએ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને સંબોધતા જણાવ્યું હતું કે, અગાઉના સંપૂર્ણતા અભિયાનમાં સાયલા તાલુકાએ રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી એવોર્ડ મેળવ્યો છે, જે ગૌરવની બાબત છે. હવે આ જ ઉત્સાહ સાથે ’સંપૂર્ણતા અભિયાન ૨.૦’માં પણ સાયલાને અગ્રેસર રાખવા અને તેને આકાંક્ષી બ્લોક (ABP)માંથી બહાર લાવી આદર્શ તાલુકો બનાવવા સૌને કટિબદ્ધ થવા હાકલ કરી હતી. કલેક્ટરશ્રીએ ખાસ કરીને ICDS વિભાગના ચાર મુખ્ય ઈન્ડિકેટરો પર ધ્યાન કેન્દ્રિત કરવા સૂચના આપી હતી. તેમણે આંગણવાડી કાર્યકર બહેનોને બાળકોના વજન અને ઊંચાઈના માપનમાં સંપૂર્ણ ચોકસાઈ રાખવા અને બાળકોની માતાની જેમ સંભાળ લેવા અપીલ કરી હતી. આરોગ્ય ક્ષેત્રે શ્રીમદ રાજચંદ્ર મિશનના સહયોગથી ૧૮ વર્ષથી નીચેના તમામ બાળકો અને કિશોરીઓનું હિમોગ્લોબિન ટેસ્ટિંગ કરી જરૂરિયાત મુજબ આઈએફએની ગોળીઓ આપવા જણાવ્યું હતું. વધુમાં, કુપોષિત બાળકો માટે તાલુકા વિકાસ અધિકારી દ્વારા શરૂ કરાયેલ ’સરગવાની ચોકલેટ’ આપવાની પ્રોએક્ટિવ કામગીરીની પણ તેમણે સરાહના કરી હતી. શિક્ષણ વિભાગ વિશેની વાત કરતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, દરેક શાળામાં કુમાર-કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા હોવી અનિવાર્ય છે. શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે ધોરણ ૮ માંથી ૯ માં પ્રવેશતા બાળકો વંચિત ન રહી જાય તેની કાળજી લેવા શિક્ષકોને તાકીદ કરી હતી. આ ઉપરાંત, પશુપાલન ક્ષેત્રે ૧૦૦ ટકા રસીકરણનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવા સરપંચો અને ગ્રામ પંચાયતના સભ્યોનો સક્રિય સહયોગ લેવા પણ માર્ગદર્શન આપ્યું હતું. નોંધનીય છે કે, નીતિ આયોગ, નવી દિલ્હી દ્વારા શરૂ કરવામાં આવેલા ‘એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ’ (ABP) હેઠળ ગુજરાતના ૧૦ જિલ્લાના ૧૩ તાલુકાઓમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી આર.એમ.જાલંધર, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી બી.જી. ગોહિલ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી અરવિંદ ઓઝા, ICDS પ્રોગ્રામ ઓફિસર શ્રી ભાવનાબેન જીડીયા, સંશોધન અધિકારી શ્રી એ.એમ. પટેલ, સાયલા મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્રની પહેલ : સેવાભાવીઓના સહયોગથી સાત દિવસમાં ૨૨૨ દર્દીઓને ન્યુટ્રીશન કિટનું વિતરણ

રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં ક્ષયના ૧૪૮૭ દર્દીઓને એક વર્ષમાં રૂ. ૭૬ લાખ ૧૭ હજારની સહાય

કમલમ્,રાજકોટ

ક્ષય એ આરોગ્ય અને આર્થિક સ્થિતિ પર ઊંડી અસર કરતો પડકારરૂપ રોગ છે. આ પડકારને પહોંચી વળવા માટે ભારત સરકાર 'ટી.બી. હારેગા, દેશ જીતેગા'ના ધ્યેય સાથે મક્કમતાથી આગળ વધી રહી છે. ગુજરાત સરકાર દ્વારા ક્ષય નિર્મૂલન માટે આધુનિક સારવાર, સમયસર નિદાન અને દર્દીઓની વિશેષ દેખરેખ પર ભાર મૂકવામાં આવે છે. આરોગ્ય વિભાગ દ્વારા છેવાડાના માનવી સુધી ટી.બી. વિશે જાગૃતિ ફેલાવવા અને ક્ષયને સામાજિક કલંકને સ્થાને એક સાધ્ય રોગ તરીકે જોવામાં આવે, તેવા સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેથી, ટી.બી. મુક્ત ભારતના લક્ષ્યને હાંસલ કરી શકાય. કેન્દ્ર સરકાર દ્વારા 'ક્ષયમુક્ત ભારત' અભિયાનને વેગ આપવા તથા આર્થિક સહાય કરવા 'નિક્ષય પોષણ યોજના' હેઠળ દર્દીઓને સારવાર દરમિયાન દર માસે રૂ. એક હજાર આપવામાંઆવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજકોટ જિલ્લામાં ગ્રામીણ વિસ્તારના કુલ ૧૪૮૭ ક્ષયના દર્દીઓને કુલ રૂ. ૭૬ લાખ ૧૭ હજારની સહાય પૂરી

પાડવામાં આવી છે. આર્થિક સહાય સીધી દર્દીઓના ખાતામાં જમા કરવામાં આવે છે. જેથી, તેઓ તેમની સારવાર દરમિયાન પોષણ અને દવાઓનો ખર્ચ ઉઠાવી શકે. સરકારની આર્થિક મદદ દર્દીઓને બીમારી સામે લડવાનું બળ આપે છે અને તેમની સાજા થવાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. રાજકોટ જિલ્લા ક્ષય અધિકારી શ્રી ઘનશ્યામભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટી.બી.ની સારવારમાં પોષણના મહત્ત્વને ધ્યાનમાં રાખીને 'નિક્ષય મિત્ર સપ્તાહ'ની પહેલ શરૂ કરવામાં આવી હતી. ગત તા. ૧૯થી ૨૭ જાન્યુઆરી દરમિયાન વિવિધ સંસ્થાઓ અને સેવાભાવી વ્યક્તિઓના સહયોગથી ૨૨૨ દર્દીઓને પોષણ કિટ આપવામાં આવી હતી.

જેમાં શ્રી નરેન્દ્રભાઈ શેઠ દ્વારા પડધરી સરકારી હોસ્પિટલ અને નારણકા પ્રાથમિક આરોગ્ય ખાતે ૪૫ દર્દીઓ, લાયન્સ ક્લબ ઓફ રાજકોટ પ્રાઈડ દ્વારા નંદનવન આરોગ્ય કેન્દ્ર ખાતે ધારાસભ્ય શ્રી ડો. દર્શિતાબેન શાહ અને શાપર-વેરાવળ ખાતે ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાની ઉપસ્થિતિમાં ૬૨ દર્દીઓને ન્યુટ્રીશન કિટ આપવામાંઆવી હતી. આ ઉપરાંત, શક્તિમાન ગ્રુપ ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે ૩૦ દર્દીઓ નેતો, જેતપુર લાયન્સ ક્લબ જેતપુરની સરકારી હોસ્પિટલ ખાતે ૨૫ દર્દીઓને પોષણ કિટ આપી હતી, તેમજ રાજકોટ જિલ્લા આરોગ્ય કેન્દ્ર ખાતે રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડટાઉન, શ્રી મોનાબેન, શ્રી કોમલબેન ઠક્કર સહિતના દાતાઓએ આગળ આવીને ૬૦ દર્દીઓને પૌષ્ટિક આહારની કીટ પહોંચાડી, માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઉલ્લેખનીય છે કે, પોષણક્ષમ આહારની કિટમાં મગ, ચણા, સોયાબીન, રાજમા, મગ દાળ, ચણા દાળ, તુવેર દાળ, સીંગદાણા, ખજૂર, ગોળ, ઘણીયા અનેચોખા સહિત ધાન્યનો સમાવેશ કરવામાં આવે છે. આમ, 'ક્ષયમુક્ત ભારત' અભિયાન જનભાગીદારીનું ઉત્કૃષ્ટ પ્રતીક છે. જો સેવાભાવી લોકો ક્ષયના દર્દીઓના પોષણની નૈતિક જવાબદારી સ્વીકારે, તો આપણે ઝડપથી ક્ષયની બીમારીને નાબૂદ કરી શકીએ. સરકાર, સેવાભાવી સંસ્થાઓ અને જાગૃત નાગરિકોના સહયોગથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ટી.બી. મુક્ત ભારતનું સપનું સાકાર થઈ શકે છે. ત્યારે આવો, **www.nikshay.in** પર નોંધણી કરીને 'નિક્ષય મિત્ર' બનીએ અને દેશમાંથી ક્ષયને નાબૂદ કરવામાં યોગદાન આપીએ.

સિવિલ એવિએશન ક્ષેત્રે ગુજરાતની વિશેષ સિદ્ધિ

હૈદરાબાદ ખાતે આયોજિત 'વિંગ્સ ઇન્ડિયા-૨૦૨૬'માં ગુજરાતને 'બેસ્ટ સ્ટેટ ફોર પ્રમોશન ઓફ એવિએશન ઇકોસિસ્ટમ'નો પુરસ્કાર એનાયત

કમલમ્,

ગુજરાતે અન્ય ક્ષેત્રોની જેમ સિવિલ એવિએશન ક્ષેત્રે પણ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તાજેતરમાં હૈદરાબાદના બેગમપેટ એરપોર્ટ ખાતે તા. ૨૮ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાયેલ 'વિંગ્સ ઇન્ડિયા-૨૦૨૬'માં કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી શ્રી કે. રામ મોહન નાયડુના હસ્તે ગુજરાતને 'બેસ્ટ સ્ટેટ ફોર પ્રમોશન ઓફ એવિએશન ઇકોસિસ્ટમ'ના પ્રતિષ્ઠિત પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવ્યું છે, તેમ ગુજરાતના સિવિલ એવિએશન કમિશનર શ્રી કે.એલ. બચાણીએ જણાવ્યું હતું. સિવિલ એવિએશન કમિશનર શ્રી બચાણીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવેલ આ પુરસ્કાર ગુજરાતની ઉડ્ડયન ક્ષેત્રની મેન્ટેનન્સ, રીપેર અને સમારકામ સહિતની માળખાકીય સુવિધાઓ તેમજ એરક્રાફ્ટ લીઝિંગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવે છે. ગુજરાતની સાથે-સાથે તેલંગાણા અને ઉત્તરાખંડ પણ આ શ્રેણીમાં સંયુક્ત વિજેતા રહ્યા છે. વધુમાં, આ સિદ્ધિ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતના એવિએશન ક્ષેત્રને આર્થિક વિકાસનું મુખ્ય એન્જિન બનાવવા અને છેવાડાના માનવી સુધી એર કનેક્ટિવિટી પહોંચાડવાના રાજ્ય સરકારની દૂરદર્શિતાને સમર્પિત છે. આ સન્માન વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ ઊભી કરવા અને હવાઈ મુસાફરીને સામાન્ય નાગરિક માટે વધુ સુલભ બનાવવા માટેની ગુજરાતની પ્રતિબદ્ધતાને જૂએ કરે છે, તેમ સિવિલ એવિએશન કમિશનર શ્રીએ ઉમેર્યું હતું. નોંધનીય છે કે, અગાઉ ગુજરાતને 'વિંગ્સ ઇન્ડિયા-૨૦૨૨'માં **"Best State with a Dedicated Outlook fo® he Sector"** તેમજ 'વિંગ્સઇન્ડિયા-૨૦૨૪'માં **'BEST STATE WITH A DEDICATED LOOKOUT FOR AVIATION SECTOR'**નો એવોર્ડ પણ એનાયત થયો હતો.

નળસરોવરના જલપ્લાવિત ક્ષેત્રોમાં રાસાયણિક ખેતીને તિલાંજલિ આપી પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતોનું આહ્વાન

નળસરોવર વન્યજીવ વિભાગ દ્વારા 'વિશ્વ જલપ્લાવિત દિવસ'ની પ્રેરણાદાયી ઉજવણી: સ્થાનિક સમુદાય અને ખેડૂતો બન્યા પર્યાવરણ સંરક્ષણના સહભાગી

કમલમ્,

નળસરોવર પક્ષી અભયારણ્ય ખાતે વન્યજીવ વિભાગ, સાણંદ દ્વારા ૨ ફેબ્રુઆરીના રોજ વિશ્વ જલપ્લાવિત દિવસ' (World WRIands Day) ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. નાયબ વન સંરક્ષકશ્રી (DCF), સાણંદના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં જલપ્લાવિત વિસ્તારોના સંરક્ષણ અને ટકાઉ વિકાસ માટે હિતધારકો (Stakeholders) અને સ્થાનિક ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ડો. સક્કિરા બેગમ (IFS), નાયબ વન સંરક્ષકશ્રી, વન્યજીવ વિભાગ-સાણંદ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આસપાસના ગામોના સરપંચો, ઈકો-સેન્સિટિવ ઝોન્સ ગામોની ઈકો-ડેવલપમેન્ટ કમિટી (EDC) ના પ્રમુખો, પ્રતિષ્ઠિત ખેતીના ક્ષયદા સમજાવ્યા હતા. ખીચા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી કાશીરામભાઈ, વેકરીયાના શ્રી રહીમભાઈ અને દેવથળના શ્રી ઈશ્વરભાઈએ રાસાયણિક ખાતર વગર થતી ઓર્ગેનિક ખેતીના પોતાના સફળ અનુભવો રજૂ કર્યા હતા. તેમણે દર્શાવ્યું હતું કે જલપ્લાવિત

જાનકીબેન તેલીએ વિશેષ જાગૃતિ સત્ર દ્વારા વેટલેન્ડ સંરક્ષણના વૈજ્ઞાનિક અને પર્યાવરણીય પાસાઓ પર પ્રકાશ પાડ્યોહતો. બપોર બાદ આયોજિત ખાસ સત્રમાં ૧૫૦થી વધુ ખેડૂતોએ ભાગ લીધોહતો. ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રોગ્રામ મેનેજર શ્રી કલ્પેશભાઈ મિસ્ત્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના ફાયદા સમજાવ્યા હતા. ખીચા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી કાશીરામભાઈ, વેકરીયાના શ્રી રહીમભાઈ અને દેવથળના શ્રી ઈશ્વરભાઈએ રાસાયણિક ખાતર વગર થતી ઓર્ગેનિક ખેતીના પોતાના સફળ અનુભવો રજૂ કર્યા હતા. તેમણે દર્શાવ્યું હતું કે જલપ્લાવિત વિસ્તારોમાં ખેતીના ટકાઉ મોડલ અપનાવીનેપર્યાવરણની સાથે આવક પણ વધારી શકાય છે. મેહુલ ફાઉન્ડેશન દ્વારા રાસાયણિક ખાતરોની જમીનનબને જળ પર થતી ઘાતક અસરો દર્શાવતું એક પ્રભાવી નાટક રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે નાયબ વન સંરક્ષક શ્રીએ પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણનો આગ્રહ રાખ્યો હતો. તમામ ઉપસ્થિતોએ 'લાઈફસ્ટાઈલ ફોર એન્વાયર મેન્ટ' (LiFE) મિશન અંતર્ગત પર્યાવરણ લક્ષી જીવનશૈલી અપનાવવાના શપથ લીધાહતા. વન વિભાગ દ્વારા યોજ્ય કચરા વ્યવસ્થાપન માટે ડસ્ટબિનનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આર્ટ્સ અને કૉમર્સ કૉલેજવ્યારા ખાતે ભારતીય જ્ઞાાનપરંપરા થીમ ઉપર એક દિવસીય નેશનલ સેમીનાર યોજાયો

કમલમ્,

શ્રી ર.કે. દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે. શાહ એન્ડ શ્રી કે.ડી.શાહ કૉમર્સ કૉલેજ તથા કે.આર.પી. દરજી ઈન્ડો-અમેરિકન ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ કૉલેજ વ્યારા ખાતે IQAC RUSA Component No.11 Faculty Improvement Scheme of Knowledge Consortium of Gujarat (KCG), PromOion of Research and Facilities Scheme of Education department, Govt. of Gujarat ના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય જ્ઞાન પરંપરા' વિષય ઉપર એકદિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત ૩૨૦ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો તે પૈકી ૬૫ જેટલા સંશોધકોએ પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા. જે ISSN જર્નલમાં પ્રકાશિત કરી મહેમાનોના વરદહસ્તે તેનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ડો.ચિતેન્દ્રસિંહ ખરવાસિયા એ મહેમાનોને શાબ્દિક આવકાર આપી વ્યારા કૉલેજ ખાતે RUSA અંતર્ગત KCG ક્યેરી ગાંધીનગર તરફથી ચાર જેટલા જુદા-જુદા વિષયને લગતા નેશનલ સેમિનારોનું આયોજન કરવાની ગુજરાત સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી તે બદલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી તથા સ્ટેટ નોડલ ઓફિસર KCG નો આભાર માની સેમિનારના સફળ આયોજન માટે કૉલેજ પરિવાર અને ટેકનિકલ ટીમની સામુહિક શક્તિને બિરદાવી વર્તમાન તથા આવનાર પેઢીને જીવનના મુલ્યો કેળવવા તથા પવિત્ર અનેસદાચારી જીવન જીવવા માટે પ્રાચીન ભારતીય જ્ઞાનપરંપરા માર્ગદર્શનઅનેપ્રેરણા પુરુ પાડશે. ભારતીય ધર્મ, બિનસાંપ્રદાયિકતા, વેદો, રામાયણ, મહાભારત, ગીતા-કર્મના સિદ્ધાંતો તથા પ્રાચીન વિદ્યાપીઠો અને ત્યાં આપવામાં આવતું શિક્ષણ પ્રાચીન ભારતે વિશ્વને આપેલો અણમોલ વરસો છે. પ્રાચીનભારતે ભારત સહીત વિશ્વને વિવિધ વિષયોમાં જ્ઞાન સભરભાથું પૂરું પડયું હતું એમ જણાવી વર્તમાન ભારત અને વિશ્વ ભારતીય-જ્ઞાન, ચિંતન અને સંસ્કૃતિમાંથી જીવન ઉપયોગી પાઠ શીખી શકે છે એમ જણાવ્યું હતું. સેમિનારના સંયોજક ડો. મેરુભાઈ વાઢેળ ભારતીય જ્ઞાનપરંપરા વિષયક કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા અને ઉપયોગીતા સમજાવી આપણી વિસરાતી જતી ભારતીય જ્ઞાન પરંપરા ઉપર વિસ્તારપૂર્વક પ્રકાશ પાડી ભારત છેક પ્રાચીન સમયથી વિશ્વ ગુરુની ભૂમિકા ભજવી રહ્યું છે.

આજે દુનિયા ભારતીય જ્ઞાન પરંપરામાંથી વિવિધ પ્રકારનું ભાથું શીખી જુદા-જુદા ક્ષેત્રમાં પ્રગતિ કરી શકે છે એવી લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગેઉપસ્થિત શ્રી રાજેશ આર, બોરડ (GAS) માનનીય નિવાસી અધિક કલેક્ટરશ્રી, વ્યારા-તાપી તથા શ્રી ર.કે. દાબુ કેળવણી મંડળ, વ્યારાના ચેરમેનશ્રી નવીલભાઈ જોષીએ પ્રસંગોચિત શુભેચ્છા પાઠવ્યા હતા. આ પ્રસંગેઉપસ્થિત તાપી જીલ્લાના માનનીય ડી.વાય.એસ.પી. શ્રી નરવડે સાહેબે રામાયણ, મહાભારત આજની અને વર્તમાન પેઢીને પરિવાર, ચારિત્ર્ય, અસત્ય સામે સત્યનો વિજય તથા પ્રજાવત્સલ શાસક કેમ બની કહી શકાય તેના પાઠ શીખવે છે એમ જણાવી ભારતીય જ્ઞાન પરંપરાના મુલ્યો દરેક ભારતવાસીઓએ જીવનમાં ઉતારવા જોઈએ એમ જણાવ્યું હતું. ભારતીય જ્ઞાન પરંપરા વિશેનું બીજું રૂપ વકતવ્ય વીર નર્મદ દ.ગુ.યુનિ.ના ગુજરાતી ભવનના પ્રોફેસર અને અધ્યક્ષ ડો. નરેશ શુક્લે આપ્યું હતું. તેમણે વેદકાળથી આજ પર્યંતના સમયક્રમને વણીને ભારતની જ્ઞાન પરંપરાની આગવી વિશેષતાઓ જણાવી હતી. બીજી બેઠકમાં મુંબઈ યુનિવર્સિટીના પ્રોફેસર અભય ઠોશીએ ભારતીય જ્ઞાન પરંપરામાં જૈન ધર્મનું આગવું પ્રદાન જણાવ્યું હતું. સેમિનારના બીજાવક્તા ડો. સુનિલભાઈ જાદવે ભારતીય જ્ઞાન પરંપરામાં બૌદ્ધ ધર્મના યોગદાનની વિસ્તારપૂર્વક સમજ આપી હતી. સેમિનારમાં ઉપસ્થિત બીજાવક્તાશ્રી ડો. દલપત ચાવડાએ રવિ-ભાણ સંપ્રદાયના કવિઓએ આપણી ભારતીય જ્ઞાન પરંપરામાંખુબ મોટું યોગદાન આપ્યું હતું જેઆજની પેઢીને ખુબ ઉપયોગી બની શકે છે એમ જણાવ્યું હતું. જાણીતા કવિશ્રી સંજુ વાળાએ નરસિંહ મહેતાના ભક્તિયોગમાં રહેલી આપણી ભારતીય જ્ઞાન પરંપરાની ખાસિયતો અને ઝલક રજૂ કરી હતી.

સેમિનારમાં ચેર પર્સન તરીકે પ્રા. ગીતાબેન પટેલ, પ્રા. મિતલબેન દેસાઈ તથા પ્રા. ભામીનીબેનશાહ અને કો-ચેર પર્સન તરીકે પ્રા. ભાવિનીબેનશાહ, પ્રા. ચિરાગભાઈ શાહ તથા ડો. દર્શનભાઈ સોનીએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો.મેરુભાઈ વાઢેળ અને ડો. જીજ્ઞા વ્યાસે કર્યું હતું કાર્યક્રમનેસફળ બનાવવા સંચાલક મંડળના પદાધીકારીશ્રીઓ, સમગ્ર કૉલેજ પરિવાર તથા ટેકનિકલ ટીમે માર્ગદર્શન અને યોગદાન પુરા પડ્યા હતા. આભારવિધિ કૉલેજના ઉપાચાયશ્રી પ્રા. વસંતભાઈ ગામીતે કરીહતી

લુપ્ત થવાની કગારે પહોંચેલી જરીકલાને ૧૨૦ વર્ષથી જીવંત રાખતો સુરતનો જરીવાલા પરિવાર

મોડર્ન ટેકનોલોજી સાથે પરંપરાનું સંયોજન કરી નવી પેઢી સુધી પહોંચતી જરીકલા ઘરેલુ ઉદ્યોગ થકી ૫૦થી વધુ લોકોને આપે છે રોજગારી

સુરતના સગરામપુરાના એક જ પરિવાર દ્વારા પેઢીદર પેઢી સંવર્ધિત થતો પરંપરાગત જરી ઉદ્યોગ

ભારત પોતાની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર અને પરંપરાગત હસ્તકળાઓ માટે વિશ્વવિખ્યાત છે. એમાં પણ ગુજરાત અને ખાસ કરીને સુરતની જરીકલા આગવી ઓળખ ધરાવે છે. ગ્રીક વિદ્વાન મેગેસ્થનીઝના ગ્રંથોમાં ઉલ્લેખિત થયેલી અને આજે GI ટેગ ધરાવતી સુરતની જરીકલા, જરી-જરકશી વર્કપ્રાચીન સમયથી ચાલતી આવતી એક અમૂલ્ય પરંપરા છે. આવી જ પરંપરાને સુરતના સગરામપુરાનો જરીવાલા પરિવાર છેલ્લા ૧૨૦ વર્ષથી વધુ સમયથી જીવંત રાખી રહ્યો છે. સુરતની ઓળખ માત્ર ખાણીપીણી કે ઉદ્યોગોથી નહીં, પરંતુ જરી ઉદ્યોગ જેવી પરંપરાગત કલાઓથી પણ બનેલી છે. સુરતના સગરામપુરાના એક જ પરિવાર દ્વારા પેઢી દરપેઢી સંવર્ધિત થતા પરંપરાગત જરી ઉદ્યોગની શરૂઆત જેકીશનદાસ ચપરીયા દ્વારા કરવામાં આવી હતી. સમય બદલાતા ગયો તેમ પેઢીઓ બદલાતી ગઈ, પરંતુ જરીનો વારસો ચ્યાવત રહ્યો. આજે આ પરિવારની નવી પેઢી પરંપરાગત જરીકળાને આધુનિક યુગની માંગ સાથે જોડીને સફળતા પૂર્વક આગળ ધપાવી રહી છે. એક સમય હતો જ્યારે સુરતની જરી શહેરની શાન ગણાતી હતી. મુઘલકાળ દરમિયાન સુરતમાં તૈયાર થતું જરીનું કાપડ વિદેશ સુધી નિકાસ થતુંહતું. ગોપીપુરા, નવાપુરા, વાડીફળીયા જેવા વિસ્તારો જરી ઉદ્યોગના કેન્દ્રબિંદુ હતા. સમય જતાં ઉદ્યોગ ધીરેધીરે મંદ પડ્યો, પરંતુ હવે ફરીથી તેમાં નવી ઉર્જા જોવા મળી રહી છે. વિશેષ વાત એ છે કે આજે પણ સુરતમાં તૈયાર થતી જરી બનારસ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, બેંગ્લોર જેવા રાજ્યોમાં મોકલવામાં આવે છે, જ્યાં તેનેસાડીમાં ગૂંથવામાં આવેછે. સોના અને ચાંદીના તારથી બનેલી આ જરી સાડીઓ આજે કરોડો યુવા પેઢીની પસંદ બની રહી છે. મોડર્નાઈઝેશન સાથે પરંપરાનો સંગમ કરી જરી ઉદ્યોગને જીવંત રાખતા ચેતનકુમાર પ્રવિણભાઈ જરીવાલા જણાવે છે કે, અમારો પરિવાર ૧૦૦ થી ૧૨૦ વર્ષથી પરંપરાગત વ્યવસાય જરી ઉદ્યોગ સાથે સંકળાયેલ છે. પહેલાં જૂની પદ્ધતિથી કામ થતું હતું, પરંતુ સમયની સાથે અમે નવી ટેકનોલોજીઅને મશીનો અપનાવ્યા છે. પરિવારના દરેક સભ્યને અલગ અલગ જવાબદારી સોંપવામાં આવી છે, જેના કારણે વ્યવસાય સરળતાથી આગળ વધી રહ્યો છે. જરી બનાવવાની સાથે સાથે સોના-ચાંદીના તારની સાડીઓનું ઉત્પાદન અને વેચાણ પણ પરિવાર પોતે જકરેછે. ઘરેથી જ મેન્યુફેક્ચરિંગ થતું હોવાથી ખર્ચમાં બચત થાય છે અને ગુણવત્તા પર નિયંત્રણ રહેછે. તેઓ વધુમાં કહે છે કે, આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં જ્યાં દેશી પદ્ધતિથી સંચા ચલાવવામાં આવતાં, ત્યાં આજે આધુનિક મશીનોનો ઉપયોગ થઈ રહ્યો છે. ચેતનભાઈ પોતે બી.કોમ એલ.એલ.બી.નોઅભ્યાસ કરી ચૂક્યા છે, છતાં વડીલાત છોડીને વારસામાં મળેલા જરી ઉદ્યોગને આગળ વધારવાનું પસંદ કર્યું છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, "લોકોનેલાગે છે કે જરી ઉદ્યોગ લુપ્ત થઈ રહ્યો છે, પરંતુ હકીકત એ છે કે અમે નવી પદ્ધતિઓ અપનાવી આ ઉદ્યોગને નવી દિશા આપી રહ્યા છીએ."

રોજગારી અને આત્મનિર્ભરતાનું પ્રતિક એટલે જરી ઉદ્યોગ:

જરીવાલા પરિવાર આજે માત્ર પોતાનો વ્યવસાય જ ચલાવી રહ્યો નથી, પરંતુ ૫૦થી વધુ લોકોને રોજગારી પણ આપી રહ્યો છે. લઘુગૃહ ઉદ્યોગ તરીકે શરૂ થયેલો આ વ્યવસાય 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના વિચારને સાકાર કરે છે. જરીવાલા પરિવાર માટે જરી માત્ર ધંધો નથી, પરંતુ વારસો, ઓળખ અને સાધના છે.

જરી ઉદ્યોગનો ઇતિહાસ :

જરી ઉદ્યોગ ભારતની અતિ પ્રાચીન અને વૈભવી હસ્તકળાઓમાંની એક છે. તેનો ઈતિહાસ હજારો વર્ષ જૂનો હોવાનું માનવામાં આવે છે. ગ્રીક ઈતિહાસકાર મેગેસ્થનીઝના ગ્રંથોમાં પણ ભારતીય સોનાચાંદીના તારોથી બનેલા વસ્ત્રો અને ક્લાઉનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીન સમયમાં રાજા-મહારાજાઓ, નવાબો અને દરબારીઓ માટે તૈયાર થતી વસ્ત્રસજ્જામાં જરીનો વિશેષ ઉપયોગ થતો હતો. મુઘલકાળ દરમિયાન જરીઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું હતું. આ સમયગાળામાં સુરત દેશનું મહત્વપૂર્ણ વેપારી બંદર હોવાથી અહીં તૈયાર થતી જરી, અને જરીથી બનેલું કાપડ દેશ-વિદેશમાં નિકાસ થતું હતું. સુરત, બનારસ, કાંચીપુરમ અને દક્ષિણ ભારતના વિવિધ પ્રદેશોમાં જરી કળા લોકપ્રિય બની હતી.

સુરતમાં તૈયાર થતી જરી તેની બારીકાઈ, શુદ્ધ સોના-ચાંદીના તાર અને દીર્ઘકાળ સુધી ટકાઉ ગુણવત્તા માટે જાણીતી રહીછે. પરંપરાગત રીતે ઘરઆંગણે થતા લઘુઉદ્યોગરૂપે વિકસેલા જરીવ્યવસાયમાં પેઢી દરપેઢી કારીગરોએ પોતાની કુશળતા અને અનુભવનો નિચોડ આપ્યો છે. સમયાંતરે ટેકનોલોજી અને ફેશનમાં ફેરફાર થવા છતાં જરીઉદ્યોગે પોતાનું મૂળ સ્વરૂપ જાળવી રાખ્યું છે. આધુનિક યુગમાં પરંપરાગત કળા અને આધુનિક ડિઝાઇનના સંયોજનથી જરીઉદ્યોગ ફરી નવી ઓળખ મેળવી રહ્યો છે. ટેગ મળવાથી સુરતની જરીને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે, અને આ પરંપરાગત હસ્તકળાના સંરક્ષણ અને સંવર્ધનને નવી દિશા મળી છે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આગામી ચોમાસા પહેલા જજળસંચયના કામોના આગોતરા આયોજન કરીને વરસાદી પાણીના વધુને વધુ સંચય તથા સંગ્રહથી જળસંચય ક્ષેત્રે ગુજરાતની અગ્રેસરતા જાળવી રાખવા જિલ્લા કલેકટરોને આહવાન કર્યું

કમલમ્,

રાજ્યમાં જળસંચય જન ભાગીદારી ૨.૦ અભિયાનની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા માટે ભારત સરકારના જલશક્તિ મંત્રાલય અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી વીડિયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીએ આ આહવાન કર્યું હતું.કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ અને વિભાગના સચિવ શ્રી કાન્તારાવ તથા કેન્દ્ર સરકારના અન્ય અધિકારીઓ દિલ્હીથી તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અનેવરિષ્ઠ સચિવો ગાંધીનગરથી આ સમીક્ષા બેઠકમાં જોડાયા હતા. રાજ્યના બનાસકાંઠા, કચ્છ અને રાજકોટ જિલ્લાના કલેક્ટરોના પ્રેઝન્ટેશન સહિત વિવિધ જિલ્લા કલેકટરોએ પોતાના ક્ષેત્રોમાં જળસંચય જન ભાગીદારી ૨.૦ અભિયાનની પ્રગતિ તેમજ આગામી આયોજનની વિસ્તૃત વિગતો આ વિડિયો કોન્ફરન્સમાં પૂરી પાડી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ સમીક્ષા બેઠકમાં કહ્યું કે, ભવિષ્યના પડકારોનો સામનો કરીને તેનું સોલ્યુશન આપવાનું માર્ગદર્શન આપણને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપને પરિણામે મળતું થયું છે. તેમણે કેચ ધ રેઈન અભિયાન અને જળસંચય માટેની જે રાષ્ટ્રવ્યાપી મુહિમ ચલાવી છે તેનો વધુને વધુ લાભ ગુજરાતને મળે તેના પર આપણું ફોકસ છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેકટરો પોતાના જિલ્લાઓમાં વરસાદી પાણીના સંગ્રહ અને સંચય માટેના કામો ભવિષ્યનો વિચાર કરીને બનાવે તેની પ્રેરણા આપતા કહ્યું કે, આ બધા એવા લોકહિત કામો છે જેનાથી ફરજ નિભાવવાના કાર્ય સંતોષ સાથે આત્મસંતોષ પણ મળે છે રાજ્યના જિલ્લાઓમાં જળ સંચય-જન ભાગીદારી અભિયાન ના કામોની હેલ્થી કોમ્પિટિશન થાય

અને જે જિલ્લાઓમાં જળસંચયની કામગીરી ઓછી થઈ છે તેને પણ વધુ કામો કરવાનું બળ મળે તેવા વાતાવરણની મુખ્યમંત્રીશ્રીએ હિમાયત કરી હતી. તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકારે દરેક ધારાસભ્યને ૫૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ જળસંચય-જળસંગ્રહના કામો માટે ફાળવેલી છે તેનો પણ ઉપયોગ જિલ્લાઓમાં જળસંચયના કામો માટે થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકાર દ્વારા જળસંચય જન ભાગીદારી યોજના અંતર્ગત રાજ્યને ફાળવાયેલી ૫૫૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ સહાયનો સંપૂર્ણ ઉપયોગ માર્ચ-૨૬ પહેલા થઈ જાય તે માટે જળસંચયના વ્યાપક કામો ત્વરાએ હાથ ધરવા આ બેઠકમાં તાકીદ કરી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે કહ્યું કે, જળસંચય-જળસંગ્રહ ક્ષેત્રે ગુજરાતે કરેલી કામગીરી દેશમાં મોડેલ રૂપ બની છે. જુના બોર રિચાર્જ કરવાના ૯૦ ટકા પૈસા કેન્દ્ર સરકાર આપે તેવો જે નિર્ણય કર્યા છે તેનાથી મોટો ફાયદો થયો છે તેમ પણ જણાવીને કેન્દ્રીય મંત્રીશ્રીએ જળસંચયના કામોમાં દ્રુજન વધુ જોડવા માટે યાદી બનાવીને તેમને મોટીવેટ કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં અમલી બનાવી વિકસિત ભારત ગેરેન્ટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) યોજનામાં જે ફંડ મળશે તેના ૪૦ ટકા જળસંચય-જળસંગ્રહના કામો માટે ઉપયોગમાં લઈ શકાય તેવી ઉદારતમ જોગવાઈ કરવામાં આવેલી છે. શ્રી પાટીલે આ યોજનામાં સમયસર અને આયોજન બદ્ધ રીતે પૈસા વપરાય તેનું માર્ગદર્શન આપતા પૂર્ણ કરવામાં આવ્યા છે. રેઈનવોટર હાર્વેસ્ટીંગ, રીચાર્જ ટ્યુબ્વેલ, તળાવ ઉંડા કરવા, ખેત તલાવડી, ફિલ્ટર વેલ વગેરે જેવા જળ સંચયના કામો થવાથી ભુગર્ભજળ રીચાર્જમાં મોટો ફાયદો થયો છે તેની પણ સમીક્ષા આ બેઠકમાં કરવામાં આવી હતી. મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે જળસંચય-જન ભાગીદારી અભિયાન ૨.૦ની ઉજ્જવળ સફળતા માટે સૌ જિલ્લા કલેકટરોને મિશન મોડમાં કાર્યરત થવાનું સૂચન આ બેઠકમાં કર્યું હતું. આ સમીક્ષા બેઠકમાં પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, અગ્ર સચિવ શ્રી પંકજ દિવેદી, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડો. વિક્રાંત પાંડે, સચિવ શ્રી ડો. અજયકુમાર તથા જળ સંપત્તિ સચિવ શ્રી પી. સી. વ્યાસ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

ભારત દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબના નેતૃત્વમાં VB - G RAM G (વિકસિત ભારત - રોજગાર અને આજીવિકાની ગેરંટી મિશન (ગ્રામીણ) બિલ - ૨૦૨૫) સંસદમાં પસાર કરવામાં આવ્યું છે જે ગ્રામીણ વિકાસને વેગ આપશે તે સંદર્ભે જન જાગરણ અભિયાન માટે સિદ્ધપુર તાલુકાની કાર્યશાળા ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી યોજના વિશે વિસ્તૃત માહિતી આપી. સાથે જ પાટણ જિલ્લા સંગઠનમાં નિમાયું ક પામેલ નવનિયુક્ત હોદ્દેદારોને સન્માન કર્યો. આ કાર્યશાળામાં શ્રી સંયમભાઈ, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી દિલીપજી ઠાકોર, શ્રી જશુભાઈ પટેલ, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી જગદીશભાઈ પટેલ, શ્રીમતી ભાનુમતિબેન મકવાણા, શ્રી બાબુલાલ પટેલ, શ્રી અશોકભાઈ, શ્રી જાવેદભાઈ, રાગીણીબેન પટેલ, હેતલબેન પંચાલ, સંયોજકો, સંગઠનના હોદ્દેદારશ્રીઓ, આગેવાનશ્રીઓ અને અપેક્ષિતશ્રીઓ ઉપસ્થિત રહ્યા.

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે ૮ પદવીદાન સમારોહ યોજાશે

આ પ્રસંગે ૧૫૦૦ કિલોવોટ ક્ષમતાનો સોલાર રૂફટોપ પાવર પ્લાન્ટનો લોકર્પણ અને ઇન્ટરનેશનલ કક્ષાનું આધુનિક એસ.પી.યુ. સ્પોર્ટ્સ એરેના નું ભુમિપૂજન કાર્યક્રમ યોજાશે"

કમલમ્,

ઉત્તર ગુજરાતની શિક્ષણ નગરી તરીકે ખ્યાતિ પામેલ વિસનગર સ્થિત, મેડિકલ, પેરામેડિકલ, ટેકનિકલ તથા હાયર એજ્યુકેશન ક્ષેત્રે ગુણવત્તાપૂર્ણ શિક્ષણ સાથે સંસ્કાર, સેવા અને સહકારના મૂલ્યોને પ્રતિબિંબિત કરતી સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે તારીખ ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૬, ગુરુવારના રોજ ગૌરવસભર ૮મા પદવીદાન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ગૌરવમય સમારોહમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી માનનીયશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પદવી એનાયત કરશે. સાથે જ સમારોહને વિશેષ ગૌરવ અપાવવા માટે ગુજરાત રાજ્યના ફ્રેબિનેટ મંત્રી માનનીયશ્રી ઋષિકેશભાઈ પટેલ તથા એલ એન્ડ ટી (L&T) એનર્જી ગ્રીનટેકના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર માનનીયશ્રી રેરેક એમ. શાહ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ પદવીદાન સમારોહ દરમિયાન શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક તથા પી.એચ.ડી. કક્ષાએ અભ્યાસ પૂર્ણ કરી સફળ થયેલા કુલ ૨૨૧૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે. ઉપરાંત વિવિધ વિદ્યાશાખાઓમાં ડિપ્લોમા, સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ૩૫ સુવર્ણચંદ્રકોથી સન્માનિત કરવામાં આવશે. તેમજ ૪૧ પી.એચ.ડી. સ્કોલર્સને ઉપસ્થિત મહેમાનશ્રીઓના વરદહસ્તે પદવી એનાયત કરી ગૌરવપૂર્વક પુરસ્કૃત કરવામાં આવશે. ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓને વૈશ્વિક ધોરણોનું ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવાના સંકલ્પ સાથે સતત કાર્યરત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, દેશના સર્વાંગી વિકાસ તથા પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની પોતાની દૃઢ પ્રતિબદ્ધતા પણ ઉજાગર કરી રહી છે. આ દિશામાં આશરે રૂ. ૪.૫ કરોડના ખર્ચે સ્થાપિત ૧૫૦૦ કિલોવોટ ક્ષમતાના સોલાર રૂફટોપ પાવર પ્લાન્ટ દ્વારા યુનિવર્સિટી ગુજરાતની એકમાત્ર એવી સંસ્થા બની છે, જે આટલી વિશાળ ક્ષમતાની સ્વચ્છ અને હરિત ઊર્જા વ્યવસ્થા ધરાવે છે. આ ઐતિહાસિક સિદ્ધિનું લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના વરદહસ્તે કરવામાં આવશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, શારીરિક સશક્તિકરણ અને રમતગમત ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શનને પ્રોત્સાહન આપવા માટે આશરે રૂ. ૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ઈન્ટરનેશનલ કક્ષાનું આધુનિક એસ.પી.યુ. સ્પોર્ટ્સ એરેનાનું ભૂમિપૂજન પણ આ શુભ પ્રસંગે કરવામાં આવશે. આ ભવ્ય સ્પોર્ટ્સ સંકુલમાં અદ્યતન ઈન્ડોર સ્પોર્ટ્સ સેન્ટર, ઓલિમ્પિક સ્ટાન્ડર્ડ સ્વિમિંગ પૂલ, સુસજ્જ આઉટડોર મેદાનો તેમજ ફ્લડલાઈટ સુવિધા સાથેનું ક્રિકેટ ગ્રાઉન્ડ સામેલ રહેશે. આ સમગ્ર પદવીદાન સમારોહને સફળ અને યાદગાર બનાવવા માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી માનનીય પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાણી તથા રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર યુનિવર્સિટી પરિવાર સમર્પિત ભાવથી કાર્યરત છે.

કમલમ્,

૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે નવી દિલ્હી ખાતે યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં રજૂ કરવામાં આવેલા ગુજરાતના ટેબ્લોએ વર્ષ ૨૦૨૬માં સતત ચોથા વર્ષે "પોપ્યુલર ચોઈસ કેટેગરી"માં પ્રથમ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. માહિતી અને પ્રસારણ સચિવ ડો. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર શ્રી કિશોર બયાણી દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આ વિજેતા ટ્રોફી અને પ્રશંસાપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રી કાર્યાલયના અગ્ર સચિવશ્રી સંજીવકુમાર તથા માહિતી કમિશનર કચેરીના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સરકારી પોલિટેકનિક ખાતે સ્ટુડન્ટ વેલનેસ સેલ ખુલ્લો મુકાયો

'સારથી' પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે માનોવૈજ્ઞાનિક માર્ગદર્શન, સ્ટાફ માટે વિશેષ વાર્તાલાપ યોજાયો

કમલમ્,રાજકોટ

સરકારી પોલિટેકનિક, રાજકોટના આઈ.સી.ટી. વિભાગ ખાતે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સર્વાંગી સુખાકારી માટે પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. જેના ભાગરૂપે સંસ્થા ખાતે નવનિર્મિત સ્ટુડન્ટ વેલનેસ સેલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. વધુમાં ગત તા. ૩૦ અને ૩૧ જાન્યુઆરી – ૨૦૨૬ ના રોજ બે દિવસીય 'સારથી' : સ્ટુડન્ટ વેલનેસ અને કાઉન્સેલિંગ પ્રોગ્રામ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રથમ દિવસે મુખ્ય નિષ્ણાત અને તજજ્ઞ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના માનોવિજ્ઞાન વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ધારા દોશી અને તેમની ટીમે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. સાથોસાથ વિવિધ માનોવૈજ્ઞાનિક કસોટી અને પોસ્ટર દ્વારા તેમને મુંજાવતા પ્રશ્નોના નિરાકરણ કરવામાં મદદ કરી હતી. બીજા દિવસે ડો. ધારા દોશીએ અત્રેની સંસ્થાના ફેકલ્ટી સાથે વિદ્યાર્થીઓના માનોવૈજ્ઞાનિક પ્રશ્નોની ઓળખ અને તેનું સંચાલન વિષય પર 'વન-ટુ-વન' ચર્ચા કરી હતી. જેમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને સુધારવા માટે શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંસ્થાના આચાર્ય શ્રી ડો. એન.એસ. પંડ્યાના નેતૃત્વમાં તેમજ ઈ.સી. આઈ.સી.ટી. વિભાગના ઈન્ચાર્જ એચ.ઓ.ડી. શ્રી એચ.કે.પ્રજાપતિની આ ગેવાનીમાં કોર્ડીનેટર વ્યાખ્યાતા શ્રી પી.એન. કરગટિયા, કો-કોર્ડીનેટર વ્યાખ્યાતા શ્રી એ.આર. નગરીયા તથા વ્યાખ્યાતા શ્રી એસ.એસ. પ્રજાપતિ દ્વારા આ બે દિવસીય કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીટેકનિકના ઈન્ચાર્જ આચાર્યશ્રી આર.એલ. પટેલ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાના તમામ ફેકલ્ટી સ્ટાફને ભાગ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી ની અધ્યક્ષતામાં ગુજરાતનું પ્રતિનિધિ મંડળ ગુરુકુળ કુરુક્ષેત્રની મુલાકાતે

ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે પ્રાકૃતિક કૃષિના સફળ પ્રયોગોનું નિદર્શન કર્યું

કમલમ્,

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સમગ્ર દેશના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા સતત પ્રેરિત કરી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ હરિયાણાના ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે ૧૮૦ એકર જમીનમાં થઈ રહેલા પ્રાકૃતિક કૃષિના સફળ પ્રયોગોના નિદર્શન માટે ગુજરાતના કૃષિ, ખેડૂત કલ્યાણ અને પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય મંત્રી શ્રી રમેશ કટારા, કૃષિ વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી. મીણા સહિતનું પ્રતિનિધિ મંડળ ગુરુકુળ કુરુક્ષેત્ર પહોંચ્યું હતું. આ પ્રતિનિધિ મંડળે ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે પ્રાકૃતિક કૃષિ ફાર્મ ઉપરાંત ગૌશાળા, બાયોગેસ પ્લાન્ટ, જીવામૃત અને નિમાસ્ત્ર પ્લાન્ટ, ઋષિ-આધારિત અશ્વવિદ્યાલય તેમજ નેચરોપેથી સેન્ટર સહિતના વિવિધ કેન્દ્રોની મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક કૃષિના વૈજ્ઞાનિક તથા વ્યવહારુ પાસાઓ અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ ચાલી રહેલા પ્રાકૃતિક કૃષિ મિશન સાથે દેશાન્તર્ગત મોટી સંખ્યામાં ખેડૂતો જોડાઈ રહ્યા છે. ગુજરાત રાજ્યના આશરે ૮ લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, ગુરુકુળ કુરુક્ષેત્રના પ્રાકૃતિક કૃષિ ફાર્મ પર છેલ્લા ૧૦ વર્ષોથી દેશી ગાય આધારીત પ્રાકૃતિક કૃષિ કરવામાં આવી રહી છે, જેના પરિણામે અહીંની જમીન હવે "ઓર્ગેનિક કાર્બન રિચ" શ્રેણીમાં આવી ગઈ છે. આ જમીન એટલી ઉપજાઉ બની ગઈ છે કે અહીં ઘઉં, ચોખા અને અન્ય પાકોનું ઉત્પાદન રાસાયણિક ખેતી કરતાં પણ વધારે થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ માત્ર આજની જરૂરિયાત નથી, પરંતુ પર્યાવરણ અને ધરતીને બચાવવાનો એકમાત્ર માર્ગ છે અને દેશના ખેડૂતોએ આ સત્યને સમજીને મોટા પ્રમાણમાં પ્રાકૃતિક કૃષિ અપનાવવાની શરૂઆત કરી છે. આ મુલાકાત દરમિયાન કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુરુકુળના પ્રાકૃતિક કૃષિ ફાર્મ પર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ થઈ રહેલી પ્રાકૃતિક ખેતી કોઈ અજાયબીથી ઓછી નથી. હરિયાણાની જમીન ન્યાં જ્યાં સામાન્ય રીતે ડ્રેગન ફ્રૂટ, ખજૂર, સફરજન અને ચણાની ખેતી થતી નથી, ત્યાં ગુરુકુળના ફાર્મ પર પ્રાકૃતિક કૃષિ દ્વારા આ પાકો ખૂબ સારી રીતે થઈ રહ્યા છે. મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ ફાર્મ પર ઉગાડવામાં આવેલી કોળી, વટાણા અને ગાજર જેવી પાકોનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ તાજા વટાણા અને કોબી તોડી તેનો શુદ્ધ પ્રાકૃતિક સ્વાદનો આનંદ માણ્યો હતો. ગુરુકુળમાં અંદાજે ૧૫ ફૂટ ઊંચી શેરડી જોઈ મંત્રીશ્રીએ વિશેષ પ્રશંસા કરી હતી. સાથે જ લીલીછમ શાકભાજી તેમજ ઘઉં અને ચણાના સહપાક પદ્ધતિના મોડેલ પણ નિહાળ્યા હતા.

ઐતિહાસિક ભારત–અમેરિકા ટ્રેડ ડીલ માટે વૈશ્વિક નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

ઇન્ડિયા- યુ.એસ. ટ્રેડ ડીલથી 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઇન ઇન્ડિયા' અભિગમને વેગ મળશે, જેની સકારાત્મક અસર દૂરગામી હશે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

આ એક લેન્ડમાર્ક ડીલ, જેનાથી 'મેક ઇન ઇન્ડિયા ફોર ધ વર્લ્ડ' અને 'ડિઝાઇનડ ઈન ઇન્ડિયા ફોર ધ વર્લ્ડ' મંત્ર સાચા અર્થમાં સાકાર થશે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ઐતિહાસિક ભારત–અમેરિકા ટ્રેડ ડીલ માટે વૈશ્વિક નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યા છે અને જણાવ્યું છે કે, આ કરાર ભારત અને અમેરિકા બંને માટે મહત્વપૂર્ણ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નિર્ણાયક નેતૃત્વ હેઠળ ભારત વૈશ્વિક મંચ પર તેની આર્થિક શક્તિ સાથે વધુ મજબૂત બનીને ઉભરી રહ્યું છે. આ ડીલથી 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા' અભિગમને વેગ મળશે, જેની સકારાત્મક અસર દૂરગામી હશે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, આ ટ્રેડ ડીલથી દરેક ભારતીય માટે નવા અવસરોના દ્વાર ખુલશે. આપણી અર્થવ્યવસ્થાને વધુ ગતિ આપનાર આ ડીલ માત્ર રોજગાર વધારશે એટલું જ નહીં પરંતુ ૨૦૪૭ સુધી દરેક ક્ષેત્રમાં ભારતને અગ્રણી બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ ટ્રેડ ડીલથી MSME, એન્જિનિયરિંગ, ટેક્સટાઈલ અને મરીન ક્ષેત્ર સહિત તમામ સેક્ટરને મહત્વપૂર્ણ લાભ થશે. આ ડીલથી 'મેકઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ' અને 'ડિઝાઈનડ ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ' મંત્ર સાચા અર્થમાં સાકાર થશે. આપણે ગર્વથી કહી શકીએ છીએ કે આ એક વેન-વિન ડીલ છે. તેઓએ વધુમાં કહ્યું કે, આ ડીલ દ્વારા અમેરિકા દ્વારા ભારતીય ઉત્પાદનો માટે ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે, જેના કારણે ભારતીય નિકાસને વેગ મળવાની અપેક્ષા છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા કૃષિ અને ડેરીને સુરક્ષિત રાખવામાં આવ્યા છે. વિશ્વ ભારતની ડેરી સેક્ટરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે અનેઆ ક્રારમાં ભારતની આર્થિક બાબતમાં વિશ્વ સ્તરે મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જે 'મેકઈન ઈન્ડિયા' ના વધતા વૈશ્વિક વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

આ ક્રારમાં ભારતની અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા સંવેદનશીલ ક્ષેત્રો કૃષિ અને ડેરીને સુરક્ષિત રાખવામાં આવ્યા છે જે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દેશના ખેડૂતો અને ગામડાના નાગરિકોના હિતને સાચવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028